# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**EVENING REGIONAL NEWS AT 7.10 TO 7.20 PM 14-04-2025**

આકાશવાણી અમદાવાદ- વડોદરા (Opening Tune)

પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

મુખ્ય સમાચાર ... (Under Play)

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન સંઘર્ષ અને સફળતાનું માર્ગદર્શક છે
2) ગુજરાત આતંકવાદ વિરોધી દળ અને તટરક્ષકની ટુકડીએ ભારતીય જળસીમામાંથી એક હજાર 800 કરોડ રૂપિયાની કિંમતનો માદક પદાર્થ પકડ્યો
3) વિદેશમંત્રી ડૉક્ટર એસ જયશંકરે નર્મદા જિલ્લાના આઠ ગામોમાં 11 કરોડ 66 લાખ રૂપિયાની કિંમતનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું
4) આજે નેશનલ ફાયર સર્વિસ ડે પ્રસંગે અગ્નિશમન દળનાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.
5) આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી

---

(સમાચારને અંતે...

(આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.) (Closing Tune)

# AMBEDKAR JAYANTI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે , ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું જીવનએ સંઘર્ષ અને સફળતાનું માર્ગદર્શક છે. ગાંધીનગરમાં એક કાર્યક્રમમાં ડોક્ટર બાબાસાહેબની ૧૩૪મી જન્મ જ્યંતિએ ભાવાંજલી આપતાં મુખ્યમંત્રીએ ઉમેર્યું કે પોતાનો અધિકાર મેળવવા માટે સચોટ અભ્યાસ , વિચારશીલતા અને સામાજિક જાગૃતિ કેટલી જરૂરી છે તે ડૉ. બાબાસાહેબના જીવનમાંથી શીખવા મળે છે.

આજે રાજ્યભરમાં બાબાસાહેબની જન્મજયંતી ઉજવવામાં આવી. મોરબીનાં ઇતિહાસમાં પ્રથમવાર બાબાસાહેબ દ્વારા લખાયેલા બંધારણને હાથી પર મૂકીને શોભાયાત્રા કાઢવામાં આવી. રેલ્વે સ્ટેશન રોડથી મહાપાલિકા કચેરી સુધીની શોભાયાત્રામાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

અંકલેશ્વર અને જામનગરમાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી . કેન્દ્રશાસિત પ્રદેશ દીવ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ દ્વારા અને કેક કાપીને ઉજવણી કરાઈ હતી. બોટાદના સાળંગપુર રોડ પર આવેલ પ્રતિમાને રાજકીય આગેવાનો દ્વારા ફૂલહાર પહેરાવીને જય ભીમના નારા સાથે શહેરના મુખ્ય માર્ગો પર રેલીનું આયોજન કરવામાં આવ્યું

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના કુંકણા સમાજ ભવન ખાતે વાંસદા-ચીખલીના કોંગ્રેસ ધારાસભ્ય અનંત પટેલના અધ્યક્ષપદે ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.

. . . . . . . . . . . . .

# CONVOCATION - RAJYPAL

આજે ડૉ. બાબાસાહેબની જન્મજયંતિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દસમા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે , જે વિદ્યાર્થી માતા-પિતા, સમાજ અને દેશની અપેક્ષાઓ પૂર્ણ કરે છે તે જ સફળ છે. તેમણે કહ્યું કે ,સાચી શિક્ષા એ છે કે જે માત્ર નોકરી માટે નહીં પણ સમાજ માટે ઉપયોગી બને.

દીક્ષાંત સમારોહમાં 18 હજાર 108 વિધાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. આ ઉપરાંત રાજ્યપાલશ્રીના હસ્તે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પાટણ રિજનલ સેન્ટરને શ્રેષ્ઠ રિજનલ સેન્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો. યુનિવર્સિટી દ્વારા પ્રતિ વર્ષ સમરસતા એવોર્ડ આપવાની જાહેરાત પણ કરવામાં આવી.

આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, જ્ઞાન અને માહિતી વચ્ચે પાતળી ભેદરેખા છે , શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય તે માહિતી અને આ માહિતીનો લોક કલ્યાણ માટે ઉપયોગ થાય તે જ્ઞાન છે. રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ ધ્યેયનિષ્ઠા , તેજસ્વીતા અને પરાક્રમની વૃત્તિ કેળવનાર નચિકેતા જેવા નવયુવાનોની દેશને જરૂર હોવાનું જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# CM HATKESHWAR PATOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં નાગર જ્ઞાતિના ઇષ્ટ દેવ શ્રી હાટકેશ્વરદાદાના પાટોત્સવ પ્રસંગે આયોજિત મહારુદ્રીમાં સહભાગી થયા હતા.

શ્રી વડનગરા નાગર મંડળ , ગાંધીનગર દ્વારા આયોજિત પાટોત્સવમાં મુખ્યમંત્રીએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે હાટકેશ્વર મહાદેવનું પૂજન અર્ચન અને જળાભિષેક કર્યા હતા.

. . . . . . . . . . . . .

# DRUGS SEIZURE

ગુજરાત રાજ્યના આતંકવાદ વિરોધી દળ - A.T.S. અને તટરક્ષકની ટુકડીએ પોરબંદરની દરિયાઈ સરહદ પાસેથી એક હજાર 800 કરોડ રૂપિયાનો માદકપદાર્થ કબજે કર્યો છે.

ગઈ કાલે રાત્રે એક વિશેષ અભિયાન દરમિયાન તટરક્ષકે એક જહાજને રોક્યું હતું, પરંતુ જહાજમાં સવાર લોકો માદક પદાર્થને દરિયામાં ફેંકી ભાગી ગયા હતા. 300 કિલોથી વધુનો જપ્ત કરાયેલો જથ્થો પોરબંદર લવાયો છે.

પાકિસ્તાનના ડ્રગ્સ માફિયાનો આશરે  400 કિલો જેટલો ગેરકાયદેસર માદક પદાર્થનો જથ્થો પસની બંદરેથી પાકિસ્તાનની ફિશિગ બોટમાં ભરી પોરબંદરના નજીક ભારતીય જળ સીમામાં આવી રહ્યો હોવાની મળેલી બાતમીને આધારે સંયુક્ત દળોએ અભિયાન હાથ ધરીને  311 પેકેટમાં આશરે  311 કિલો માદક પદાર્થ જપ્ત કર્યો હતો.

ગુજરાત એટીએસે વર્ષ  2018 થી અત્યાર સુધી દરિયાઇ માર્ગે ફીશીંગ બોટ મારફતે માદક પદાર્થોની ઘુસણખોરીનાં 20 કેસમાં પાંચ હજાર કિલોથી વધુ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે, જેની કિંમત આંતરરાષ્ટીય બજારમાં 10 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

. . . . . . . . . . . . .

# S JAISHANKAR NARMADA

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે આજે નર્મદા જિલ્લાના વ્યાધર , આમદલા, લાછરસ, સામોટ અને ભાદોડ સહિતના આઠ ગામમાં અંદાજે 11 કરોડ 66 લાખ રૂપિયાની કિંમતનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. શ્રી જયશંકરે મૅમ્બર ઑફ પાર્લામૅન્ટ લૉકલ એરિયા ડેવલપમૅન્ટ સ્કીમ- M.P.L.A.D.S કાર્યક્રમ અંતર્ગત તેમણે દત્તક લીધેલા આ ગામોમાં આ લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા.

આજથી બે દિવસ નર્મદા જિલ્લાની મુલાકાતે આવેલા શ્રી જયશંકરે તિલકવાડા તાલુકાના વ્યાધર ગામની મુલાકાત લઈ આરોગ્ય અને સંભાળ કેન્દ્રનું નિરીક્ષણ કરીને ગામમાં સ્માર્ટ આંગણવાડી , પ્રાથમિક શાળાના સ્માર્ટ ક્લાસરૂમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું

(BYTE DR. JAISHANKAR NARMADA)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NATIONAL FIRE DAY-1

આજે રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં ફાયર  સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી. મહિસાગર જિલ્લાના  લુણાવાડા નગર સેવા સદન અને ફાયર સ્ટેશન ખાતે અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ દ્વારા શહીદોને  શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ અગ્નિશમન વિભાગના વાહનો દ્વારા જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ અંગે લુણાવાડા પાલિકાના પ્રમુખ કિર્તી પટેલે વધુ માહિતી આપીઃ

*(BYTE -- કિર્તી પટેલે)*

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધી રાજેશ રાઠવા જણાવે છે કે,  નગર સેવા સદન ખાતે અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ દ્વારા અગ્નિશમન વિભાગનાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. છોટાઉદેપુર નગર પાલિકાનાં અગ્નિશમન દળને આધુનિક બનાવવાની શરૂઆત કરવામાં આવી છે.

નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. દેશની સૌથી ઉંચી પ્રતિમાનાં પટાગંણમાં અગ્નિશમન દળના શહીદ યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે  ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેશન સર્વિસિસનાં  અનિલકુમાર ચાવડાએ આ મુજબ જણાવ્યુ...1

(બાઈટ – અનિલ કુમાર ચાવડા)

# NATIONAL FIRE DAY-2

દીવના અમારા પ્રતિનિધી ભારતી રાવલ જણાવે છે કે , દીવમાં અગ્નિશમન વિભાગનાં વીર જવાનોની યાદમાં બે મિનિટનું મૌન તથા પુષ્પાંજલિ અર્પણ કરીને અગ્નિશમન દળનાં વાહનોએ સાઇરન સાથે દીવમાં રેલી કાઢી હતી.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે , કાકરાપાર અણમથક ખાતે CISFની ફાયર ટીમે ફાયર સ્ટેશન ખાતે શહીદ ફાયર ફાઇટરોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અગ્નિ શમન સપ્તાહ દરમિયાન લોકોમાં આગ અકસ્માતો અંગે જાગૃતિ વધારવા માટે કાકરાપાર ફાયર બ્રિગેડ યુનિટે વિવિધ સ્થળોએ તાલીમ શિબિર યોજી છે.

૧૪ એપ્રિલ , ૧૯૪૪ના રોજ બોમ્બે ડોકયાર્ડમાં લાંગરેલા વિસ્ફોટકો સહિતની સામગ્રી ભરેલાં જહાજ SS ફોર્ટ સ્ટાઇકિંગ જહાજમાં આગ અને વિસ્ફોટની ઘટનામાં જીવ ગુમાવનાર અગ્નિશમન દળના બહાદુર જવાનોને આજના દિવસે શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે આ દુર્ઘટનામાં ૬૬ જેટલા ફાયરમેન અને બંદર પર સેવા બજાવી રહેતા સેંકડો અધિકારીઓનાં મૃત્યુ થયા હતા.

. . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યનાં મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધીને 41 થી 45 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની આગાહી કરી છે.

15 થી 17 એપ્રિલ દરમિયાન બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટ અને કચ્છમાં હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ અને તેના આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનને પગલે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે.

રાજ્યમાં ગઈકાલે સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટ ખાતે 43 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે સુરેન્દ્રનગર, અમરેલી અને અમદાવાદ ખાતે 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વધુ માહિતી આપે છે હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવ...

(BYTE -- RAMASHREY YADAV)

. . . . . . . . . . . . .